

# ૬. વાઘની ટૂંકી રિસેસ...

**ગીત :**



હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી,
મારા પગ કેરી ઘૂઘરી રૂમઝૂમતી.

પેલાં ઊડે પતંગિયાં રંગરંગી,
ત્યારે દોડીને થાઉં એની સંગી.

જ્યારે દોડું ત્યાં ધરતી ધમધમતી,
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી.

પેલા આભલે વાદળી વરસી જતી,
એની પાછળ પડું એમ સરકી જતી.



બૂમ પાડું ત્યાં ધરતી ધમધમતી,
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી.

મારે આંગણે મોરલે કળા કરી,
મને જોવાની કેવી મજા પડી.

જ્યારે નાચું ત્યાં ધરતી ધમધમતી,
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી.



ઊગ્યો ચાંદો ને રાત થઈ અજવાળી,
અમે ભાઈ ને બેન રમ્યાં સાતતાળી.

વીરો ભાગે ત્યાં ધરતી ધમધમતી,
હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## રિસેસ પડી :




### ☞ ચર્ચા :

ચિત્રને આધારે પ્રશ્નો પૂછો :

- કોણ દોડે છે ?
- રમા ક્યાં છે ?
- કોણ વાંચે છે ?
- મેના શું કરે છે ?
- દેવ શું કરે છે ?
- મોટા ઝાડ નીચે કોણ છે ?
- શાળામાં કેટલા ઓરડા છે ?
- કેટલી છોકરીઓ છે ?
- રમા શું કરે છે ?

આ સિવાય તેમના અનુભવો વિશે ચર્ચા કરો :

- તમે રિસેસમાં શું કરો છો ?
- તમે કોની સાથે નાસ્તો કરવા બેસો છો ?
- તમે ક્યાં ક્યાં ઝાડ જોયાં છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાર્તા :

# રાજાનો ન્યાય

વિલ્સનભાઈ જંગલમાં ફરવા નીકળ્યા. આગળ જતાં એમણે એક પાંજરું જોયું. પાંજરામાં એક વાઘ પુરાયેલો હતો. વિલ્સનભાઈ પાંજરાની નજીક ગયા. દયામણું મોઢું કરીને વાઘે વિલ્સનભાઈને વિનંતી કરી, ''ભાઈ, મને આ પાંજરામાંથી બહાર કાઢો.''

''પણ તું તો વાઘ છે. હું તને બહાર કાઢું તો તું મને ખાઈ જાય.''

''ના રે ભાઈ ના. બચાવનારને કોઈ મારે ?''

વિલ્સનભાઈ દયાળુ હતા. એમણે પાંજરું ખોલ્યું. વાઘ બહાર આવ્યો. વિલ્સનભાઈને થયું કે ચાલો આજે એક સારું કામ કર્યું.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વિલ્સનભાઈ આવું વિચારીને ખુશ થાય એ પહેલાં તો વાઘ વિલ્સનભાઈ સામે ઘુરકિયાં કરીને કહે, ''મને બહુ ભૂખ લાગી છે, હું તને ખાઈ જઈશ.'' વિલ્સનભાઈ ગભરાઈ ગયા. બે હાથ જોડીને વાઘને કહે, ''અરે વાઘભાઈ, મેં તમને પાંજરામાંથી બહાર કાઢ્યા ત્યારે તમે જ કહેલું કે તમે મને કંઈ નહિ કરો.''

વાઘે કહ્યું, ''ભલે, કહ્યું હશે, પણ મને બહુ જ ભૂખ લાગી છે. મારામાં શિકાર શોધવાની શક્તિ જ નથી. એટલે અત્યારે તો તારાથી જ પેટ ભરવું પડશે.'' ત્યાં તો જંગલના રાજા સિંહ આવ્યા. વિલ્સનભાઈએ સિંહરાજાને બધી જ વાત કરી. સિંહે વાત સાંભળી અને પૂછ્યું, ''આ વાઘ આ પાંજરામાં હતો ? આવડો મોટો વાઘ આ પાંજરામાં કેવી રીતે સમાય ? આ શક્ય જ નથી.''

વાઘે કહ્યું, ''એ બરાબર કહે છે. હું પાંજરામાં જ હતો.'' સિંહ કહે, ''એમ હું ન માનું. મારે જોવું પડશે. એક કામ કર. વાઘ, તું ફરીથી પાંજરામાં ગોઠવાઈ જા.''

જંગલના નિયમ મુજબ સિંહે કહ્યું એટલે વાઘ તરત જ અગાઉની જેમ પાંજરામાં ગયો. એ જેવો પાંજરામાં ગયો કે તરત જ સિંહે વિલ્સનભાઈને ઈશારો કર્યો. વિલ્સનભાઈએ પાંજરું બંધ કરી દીધું.

☞ **વાતચીત :**

વાર્તા અને ચિત્ર પરથી નીચેના જેવા પ્રશ્નો પૂછો :

- વાઘને પાંજરામાં કોણે પૂર્યો હશે ?
- તમે વાઘ ક્યાં જોયો છે ?
- વિલ્સનભાઈ કેવી રીતે બચી ગયા ?


આવા અન્ય પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવાનું રાખવું.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**જોડાવો :** ત્યાર બાદ આનુષંગિક વાચન-પદ્ધતિથી વંચાવો :











૧

એક

આગબોટ

છત્રી

કમળ

બરણી

અનનાસ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લખાવો :

ક

બ

અ

ઈ

એ

આ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


વંચાવો અને લખાવો :

| | | | | |
|---|---|---|---|---|
| કામ | | | | |
| આગ | | | | |
| એક | | | | |
| બહેન | | | | |
| કાબર | | | | |
| આકાર | | | | |
| બેકાર | | | | |
| વાર | | | | |
| અવાજ | | | | |
| છાબ | | | | |

૪૩ ૪૩ ૪૩

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## વંચાવો અને લખાવો :

| | | |
|---|---|---|
|  | (કા) ચ (બ) ન (ર) | કાબર |
|  | મ ન ગ ર દ | |
|  | મ ન કા ર ન | |
|  | બા સા રા બ ના ર | |
|  | અ ગા જ ગ રા ર | |
|  | સ સા રા ર સા સ | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગમ્મત : રિસેસ પડી :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in